ક્રમાંક :મઉમશબ/ટેટ/૨૦૧૧/
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
જુના સચિવાલય પાસે,
ગાંધીનગર

# અખબારી યાદી

ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો માટે ૧૮–૧૨–૨૦૧૨નાં રોજ યોજાયેલી શિક્ષક અભિરૂચિ કસોટીનું પરિણામ બોર્ડ વ્દારા આજરોજ જાહેર કરવામાં આવ્યું છે, જે બોર્ડની વેબસાઈટ www.gseb.org પરથી લીન્ક મેળવી ઉમેદવાર તેનો બેઠક નંબર નાંખીને જોઈ શકશે.

બોર્ડ વ્દારા યોજાયેલી શિક્ષક અભિરૂચિ કસોટીમાં કુલ ૯૫૩૩૮ ઉમેદવારો નોંધાયા હતા, જે પૈકી ૯૦૧૨૬ ઉમેદવારોએ કસોટી આપી હતી જેની સામે ૪૩૮૭૬ ઉમેદવારો ૫૦% કે તેથી વધુ અર્થાત્ કુલ ૨૫૦ ગુણમાંથી ૧૨૫ કે તેથી વધુ ગુણ મેળવી પાત્ર (qualify) થયાં છે. આમ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની શિક્ષક અભિરૂચિ કસોટીનું એકંદર પરિણામ ૪૮.૬૮% આવ્યું છે. કુલ ૧૮૧ ઉમેદવારોનું પરિણામ અનામત રાખવામાં આવ્યું છે, જયારે ૩ ઉમેદવારોનાં પરિણામ OMR Sheet ઉપર નિશાની કરી ઓળખ છતી કરવાનાં પ્રયત્નને કારણે રદ કરવામાં આવ્યાં છે. જે ૧૮૧ ઉમેદવારોનું પરિણામ અનામત રાખવામાં આવ્યું છે તેઓએ તેમની ઉમેદવારી નોંધણી માટેની અરજી સબંધી જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી ખાતે નિર્ધારિત કરેલી તારીખોની સમય મર્યાદામાં ફીઝીકલી સબમીટ કર્યા અંગેનો પુરાવો બોર્ડની વડી કચેરી ખાતે રજુ કરવાનો રહેશે; જેના પર વિચારણા કરી ત્યારબાદ, તેમના પરિણામ અંગે બોર્ડ વ્દારા યોગ્ય તે નિર્ણય લેવામાં આવશે.

પરીક્ષાકેન્દ્રવાર કુલ નોંધાયેલા ઉમેદવારો, ઉપસ્થિત થયેલા ઉમેદવારો અને પરીક્ષામાં પાત્ર ઠરેલા (qualify થયેલાં) ઉમેદવારોની સંખ્યા નીચે મુજબ છે.

| અ. નં. | પરીક્ષાકેન્દ્રનું નામ | નોંધાયેલા કુલ ઉમેદવારોની સંખ્યા | ઉપસ્થિત થયેલાં ઉમેદવારોની સંખ્યા | ૧૨૫ કે તેથી વધારે ગુણ મેળવી પાત્ર (qualify) ઠરેલા ઉમેદવારોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૪૨૮૭ | ૨૨૮૧૧ | ૧૧૬૬૩ |
| ૨ | ગાંધીનગર | ૧૬૩૩૯ | ૧૫૪૧૮ | ૭૨૨૨ |
| ૩ | જામનગર | ૨૪૩૪ | ૨૩૧૭ | ૧૨૪૪ |
| ૪ | રાજકોટ | ૯૦૧૬ | ૮૪૮૫ | ૪૮૭૨ |
| ૫ | ભાવનગર | ૪૨૨૬ | ૪૦૩૨ | ૨૫૪૦ |
| ૬ | જુનાગઢ | ૯૦૦૬ | ૮૬૬૮ | ૪૪૩૧ |
| ૭ | સુરત | ૧૭૧૦૭ | ૧૬૧૭૨ | ૬૬૫૫ |
| ૮ | વડોદરા | ૧૨૯૨૩ | ૧૨૨૨૩ | ૫૨૪૯ |
| | કુલ : | ૯૫૩૩૮ | ૯૦૧૨૬ | ૪૩૮૭૬ |

**નોંધ:** ઉપરોકત આંકડાઓમાં ૧૮૧ અનામત રાખેલાં પરિણામ તથા રદ કરેલાં ૩ પરિણામોનો સમાવેશ થતો નથી.

ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો માટેની અભિરૂચિ કસોટીમાં વિષયવાર પાત્ર ઠરેલાં ઉમેદવારોની સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | વિષય | ૨૫૦ માંથી ૧૨૫ કે તેથી વધારે ગુણ મેળવી પાત્ર (qualify) ઠરેલા ઉમેદવારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગુજરાતી | ૮૭૦૫ |
| ૨ | હિન્દી | ૫૩૪૭ |
| ૩ | અંગ્રેજી | ૭૩૩૧ |
| ૪ | અર્થશાસ્ત્ર | ૨૪૨૫ |
| ૫ | ગણિતશાસ્ત્ર | ૪૪૮ |
| ૬ | રસાયણ વિજ્ઞાન | ૬૬૫ |
| ૭ | ભૌતિક વિજ્ઞાન | ૩૦૩ |
| ૮ | જીવ વિજ્ઞાન | ૪૬૨ |
| ૯ | સંસ્કૃત | ૬૦૮૫ |
| ૧૦ | આંકડાશાસ્ત્ર | ૧૮૭ |
| ૧૧ | સમાજશાસ્ત્ર | ૧૫૫૭ |
| ૧૨ | મનોવિજ્ઞાન | ૮૧૯ |
| ૧૩ | ભૂગોળ | ૨૧૮ |
| ૧૪ | નામું અને વાણિજય | ૭૭૬૩ |
| ૧૫ | શારીરિક શિક્ષણ | ૧૪૭૧ |
| ૧૬ | તર્કશાસ્ત્ર | ૯૦ |
| | કુલ : | ૪૩૮૭૬ |

(એમ. આઈ. જોષી)
સચિવ

ગાંધીનગર.
તા.૧૭-૦૧-૨૦૧૨